# વિસ્ફોટ : રાજ્યમાં કોરોનાના વધુ ૧૦૬૯ કેસ

## કોરોનાનો રિકવરી રેટ પણ ૯૮.૩૧ ટકાએ પહોંચ્યો : ૮,૧૮,૭૫૫ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે  ૩૯૨૭ એક્ટિવ કેસ, ૧૧ નાગરિકો વેન્ટીલેટર પર છે

ગુજરાતમાં કોરોના વિસ્ફોટ થઈ રહ્યો છે. દિવસેને દિવસે કોરોનાના આંકડાઓમાં મોટો ઉછાળો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં આજે કોરોનાનાં ૧૦૬૯ કેસ નોંધાયા છે. તો બીજી તરફ માત્ર ૧૦૩ દર્દીઓ સાજા થયા છે. અત્યાર સુધીમાં કોરોનાથી ૮,૧૮,૭૫૫ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના કારણે કોરોનાનો રિકવરી રેટ પણ ૯૮.૩૧ ટકાએ પહોંચ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર રસીકરણનાં મોરચે પણ મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે ૧,૫૨,૦૭૧ રસીના ડોઝ અપાયા હતા. જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં ૩૯૨૭ એક્ટિવ કેસ છે. જે પૈકી ૧૧ નાગરિકો વેન્ટીલેટર પર છે. ૩૯૧૬ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૮,૭૫૫ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. અત્યાર સુધીમાં કોરોનાને કારણે ૧૦૧૧૯ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. આજે કોરોનાને કારણે નવસારીમાં એક નાગરિકનું મોત થઈ ચુક્યું છે.

બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૨ને રસીનો પ્રથમ, ૪૧૩ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૪૫ વર્ષથી વધારેની ઉંમરના નાગરિકો પૈકી ૬૧૦૬ નાગરિકોને રસીનો પ્રથમ, ૩૪૫૬૫ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો છે. ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૧૯૭૨૮ નાગરિકોને રસીનો પ્રથમ જ્યારે ૯૧૨૫૮ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો છે. આ પ્રકારે આજના દિવસમાં કુલ ૧,૫૨,૦૭૨ રસીના ડોઝ અપાયા હતા. અત્યાર સુધીમાં કુલ ૮,૯૫,૮૭,૪૧૭ રસીના ડોઝ અપાઈ ચુક્યાં છે.

રાજ્યમાં આજે કોરોનાના કુલ ૧૦૬૯ કેસ નોંધાયા છે તે પૈકી અડધા કેસ માત્ર અમદાવાદમાં ૫૫૯ કેસ નોંધાયા છે, સુરતમાં ૧૫૬, વડોદરા કોર્પોરેશન ૬૧, રાજકોટ કોર્પોરેશન ૪૧, આણંદ ૩૯, ખેડા ૩૯, કચ્છ ૨૨, વલસાડ ૨૧, રાજકોટ ૨૦, ગાંધીનગર કોર્પોરેશન ૧૭, ગાંધીનગર-નવસારી ૯-૯, મોરબી-સુરત ૮-૮, ભરૂચ ૭, દાહોદ-સાબરકાંઠા-વડોદરા ૬-૬, જામનગર કોર્પોરેશન ૫, અમરેલી, ભાવનગર કોર્પોરેશન, જુનાગઢ કોર્પોરેશન ૪-૪, ગીર સોમનાથ, જુનાગઢ, મહેસાણા ૩-૩, જામનગર, મહીસાગર, તાપીમાં ૨-૨, અરવલ્લી, બનાસકાંઠા, દેવભુમી દ્વારકા ૧-૧ કેસ નોંધાયો છે.

### રાજ્યમાં ઓમિક્રોનના નવા ૨૩ કેસ નોંધાયા

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ઓમિક્રોનના વધુ ૨૩ કેસ નોંધાતા કુલ કેસની સંખ્યા ૧૩૬ પર પહોંચી છે. જેમાંથી ૬૫ ડીસ્ચાર્જ થયા અને ૭૧ને સારવાર અપાઈ રહી છે. આજે નોંધાયેલા કેસમાં અમદાવાદમાં ૧૧, સુરતમાં ૪, આણંદમાં ૨, વડોદરામાં ૨ અને કચ્છમાં ૨ તથા ખેડા અને રાજકોટમાં ૧-૧ કેસ નોંધાયો છે.




સેકટર-૬ અપના બજારમાં સાંજના સમયે ખૂબ જ ભીડ જામે છે. ભીડ વધુ રહેતી હોવાથી લારી ગલ્લાવાળાઓની સંખ્યા વધી છે. ચા નાસ્તાની લારીઓ પાસે ખુબ જ ગંદકી ફેલાતી હોવાથી મહાનગરપાલિકા દ્વારા દંડ વસુલવાની કામગીરી શરૂ કરાઈ હતી.

# સીએનજીના ભાવમાં પ્રતિ કિલોગ્રામમાં ૨.૫૦નો વધારો

## નવા વર્ષે સી.એન.જી. વાહન ચાલકોને લાગ્યો મોટો ઝટકો : અમદાવાદમાં સીએનજીની કિંમત ૬૭.૫૯ રૂપિયા હતી ભાવમાં વધારો થતાં નવો ભાવ ૭૦.૦૯ રૂપિયા થયો છે

ગાંધીનગર,તા.૧

નવા વર્ષે જ સીએનજી વાહન ચાલકોને ઝટકો લાગ્યો છે. સીએનજી ગેસ વિતરણ કંપનીઓમાંથી અદાણી ગેસ તરફથી ભાવમાં પ્રતિ કિલોગ્રામ ૨.૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. સીએનજીના ભાવ વધારાનો પહેલાથી જ રિક્ષા ચાલકો દ્વારા વિરોધ કરવામાં આવતો હતો. હવે ફરીથી ભાવ વધારો થયો છે ત્યારે ફરી ભાવ વધારાનો વિરોધ ઉઠી શકે છે. અમદાવાદમાં ભાવ વધારા પહેલા એક કિલોગ્રામ સીએનજીની કિંમત ૬૭.૫૯ રૂપિયા હતી. હવે તેમાં ૨.૫ રૂપિયાનો વધારો થતાં નવો ભાવ ૭૦.૦૯ રૂપિયા થયો છે. આ જ રીતે ગુજરાતના અન્ય શહેરોમાં પણ ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. બીજી તરફ નવા વર્ષના પ્રથમ દિવસે કૉમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ઘટાડો થયો છે, તો પેટ્રોલ અને ડીઝલના ભાવ આજે સ્થિત રહ્યા છે. નવા વર્ષના પ્રથમ દિવસે થોડી રાહત મળી છે. આજે પેટ્રોલ-ડીઝલની કિંમતમાં કોઈ વધારો નથી થયો. તો સરકારી ગેસ કંપનીઓએ એલપીજી સિલિન્ડરની કિંમતમાં એક સાથે



૧૦૨ રૂપિયાનો ઘટાડો કર્યો છે. જોકે, આ ભાવ ઘટાડો ૧૯ કિલોગ્રામના કૉમર્શિયલ ગેસ સિલિન્ડર પર કરવામાં આવ્યો છે. આ સમાચાર હોટલોથી લઈને કૉમર્શિયલ સિલિન્ડરનો ઉપયોગ કરતા અન્ય લોકો માટે ચોક્કસ રાહત આપનારા છે. કિંમતમાં ઘટાડા બાદ હવે કૉમર્શિયલ ગેસ સિલિન્ડરની નવી કિંમત ૧૯૯૮.૫૦ રૂપિયા થઈ છે. ઉલ્લેખનીય છે કે ૩૧મી ડિસેમ્બર સુધી ૧૯ કિલોગ્રામના ગેસ સિલિન્ડરની કિંમત દિલ્હીમાં ૨,૧૦૧ રૂપિયા હતી. બીજી તરફ ઘરેલૂ ગેસ સિલિન્ડર એટલે કે ૧૪.૨ ltt, ૫ ltt અને ૧૦ કિલોગ્રામના ગેસ સિલિન્ડરની કિંમતમાં કોઈ ઘટાડો કરવામાં આવ્યો નથી. રસોઈ માટે વપરાતા ગેસ સિલિન્ડરની કિંમત જેમની તેમ રાખવામાં આવી છે. આ પહેલા નવેમ્બર મહિનામાં પહેલી તારીખ ૧૯ કિલોગ્રામના ગેસ સિલિન્ડરની કિંમતમાં એક સાથે ૨૬૬ રૂપિયાનો વધારો કરાયો હતો. જે બાદમાં કિંમત ૨,૦૦૦.૫૦ રૂપિયા પર પહોંચી હતી. સરકારી કંપનીઓએ આશરે એક મહિનાથી પેટ્રોલ-ડીઝલની કિંમત સ્થિર રાખી છે. આજે વર્ષના પ્રથમ દિવસે એટલે કે ૧ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ દેશભરમાં પેટ્રોલ-ડીઝલની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. જોકે, હાલ દેશના અનેક રાજ્યોમાં પેટ્રોલની કિંમત ૧૦૦ રૂપિયાને પાર ચાલી ગઈ છે. પેટ્રોલ અને ડીઝલની વધેલી કિંમતની સીધી અસર આમ-આદમી પર પડી રહી છે. કેન્દ્ર સરકારે દિવાળીના એક દિવસ પહેલા એક્સાઈઝ ડ્યૂટીમાં ઘટાડો કર્યો હતો. જે બાદમાં અમુક રાજ્યોએ પણ વેટમાં ઘટાડાની જાહેરાત કરી હતી. જેના પગલે લોકોને થોડી રાહત થઈ છે. આજે દેશની રાજધાની નવી દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૯૫.૪૧ રૂપિયા પ્રતિ લીટર છે. જ્યારે ડીઝલની કિંમત ૮૬.૬૭ રૂપિયા પ્રતિ લીટર છે.

# વૈષ્ણોદેવી દુર્ઘટનામાં માંડ માંડ બચ્યો ગુજરાતી પરિવાર

નર્મદા,તા.૧

નવા વર્ષની રાત્રે જમ્મૂ-કશ્મીરના વૈષ્ણોદેવીમાં થયેલી નાસભાગમાં રાજપીપળાના જોશી પરિવારનો આબાદ બચાવ થયો છે. વૈષ્ણોદેવી મંદિરમાં નાસભાગ થઈ ત્યારે આ પરિવાર પણ ત્યાં ફસાયો હતો. પરિવારના છ સભ્ય વૈષ્ણોદેવીના દર્શને ગયા હતા. જો કે, જોશી પરિવારના તમામ લોકોનો બચાવ થયો છે. હાલ તેઓ સહી સલામત કટરા આવી ગયા છે.અને તેમના પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો છે. આ દુર્ઘટનામાં ૧૨ લોકોએ જીવ ગુમાવ્યા છે. નવા વર્ષની રાત્રે ૨ વાગ્યાની આસપાસ જમ્મુ-કાશ્મીરના વૈષ્ણોદેવી મંદિરમાં નાસભાગના કારણે ૧૨ શ્રદ્ધાળુઓના મોત થયા હતા છે. આ દુર્ઘટના સમયે રાજપીપળાનો જોષી પરિવાર પણ ત્યાં જ હતો. રાજપીપળાનો જોશી પરિવાર ૨૩ ડિસેમ્બરે જમ્મુ કાશ્મીર ફરવા ગયો હતો. જ્યાંથી તેઓ માતા વૈષ્ણોદેવીના દર્શન માટે ગયા હતા. આ નાસભાગની સમગ્ર ઘટના તેઓએ પોતાના નજરો સામે નિહાળી હતી. ઘટના સમયે આ પરિવાર ત્યાં ફસાયો હતો. જેમાં પરિવારના ૬ સભ્ય પણ ફસાયા હતા. પરિવારના મનાલી જોશીએ વીડિયો દ્વારા સલામત હોવાની માહિતી રાજપીપળા રહેતા સ્વજનોને આપી હતી. તેમણે આ દુર્ઘટનાના આંખો દેખ્યા અહેવાલ વિશે જણાવ્યુ હુતં કે, ૩૧ તારીખની રાત્રે અમે માતાજીના દરબારમાં યાત્રા શરૂ કરી હતી. લગભગ ૨.૩૦ વાગ્યાના સમયે અમે વૈષ્ણોદેવી મંદિરમાં પહોંચ્યા હતા. ત્યાં અચાનક પાછળથી એક ટોળુ આવ્યું હતું. તેને કારણે ત્યાં અફરાતરફી મચી ગઈ હતી. અમે ખુદ અમારી આંખોએ આ ઘટના જોઈ હતી. મારી સાથે મોટો પરિવાર હતો, અમે એકબીજાથી વિખૂટા પડ્યા હતા.




યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ઉપક્રમે અનુસૂચિત જાતિના યુવક અને યુવતિઓ માટે વ્યક્તિત્વ વિકાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે યોજાયેલા આ કાર્યક્રમમાં જાણીતા લેખક ડૉ. શરદ ઠાકર ઉપસ્થિત રહ્યા હતા અને યુવાનોને માર્ગદર્શન આપ્યું હતું.

# વલસાડમાં નબીરાઓ અને વેપારીઓ દારૂની પાર્ટી માણતા ઝડપાયા

વલસાડ,તા.૧

વલસાડ સિટી પોલીસે ૩૧ ડિસેમ્બરની મોડી રાત્રે એક બંગલામાં ચાલતી હાઈપ્રોફાઈલ દારૂની પાર્ટીમાં રેડ કરી હતી. રેડ દરમિયાન વલસાડના કેટલાક મોટા ઘરના નબીરાઓ અને વેપારીઓ દારૂની પાર્ટી માણતા રંગે હાથ ઝડપાયા હતા. પોલીસની આ કાર્યવાહીમાં ૮ આરોપીઓ ઝડપાઈ ગયા હતા. પોલીસે તમામ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. સ્થળ પરથી તેમના મોબાઈલ અને મોંઘીદાટ ગાડીઓ સહિતનો લાખો રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી તમામ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવની વિગત મુજબ નવા વર્ષની ઉજવણી માટે છેલ્લા કેટલાક સમયથી દારૂનું દુષણ વધી રહ્યું છે. હાઈ પ્રોફાઈલ લોકો પણ આ દિવસે મોજ-મસ્તી કરવા દારૂની પાર્ટીઓનું આયોજન કરવામાં આવે છે. ત્યારે વલસાડના સેગવી રોડ પર આવેલા સૂર્ય દર્શન સોસાયટીના એક બંગલામાં કેટલાક લોકો દારૂની પાર્ટી માણી રહ્યા હોવાની પોલીસને બાતમી મળી હતી. આથી વલસાડ સિટી પોલીસ પૂરી તૈયારી સાથે સ્થળ પર પહોંચી હતી. અડધી રાત્રે પોલીસે છાપો મારતા બંગલામાં ચાલતી પાર્ટીમાં દોડધામ મચી ગઈ હતી. પોલીસે એન્ટ્રી કરી ત્યારે બંગલામાં મોટા ઘરના નબીરાઓ અને વલસાડના કેટલાક મોબાઈલ અને કાપડના વેપારીઓ દારૂની પાર્ટી માણતા રંગે હાથ ઝડપાઈ ગયા હતા.

### આદિવાસી વિસ્તારોમાં... ● પાંચમા પાનાનું ચાલુ

જ્ઞાતિઓમાં પરણાવવાની સીઝન શરૂ થઈ છે. જિલ્લાની કેટલીક જ્ઞાતિઓમાં કન્યાઓના અભાવે યુવાનોને જીંદગીભર કુંવારા રહેવું પડે તેવી સ્થિતિ ઉભી થતાં અગાઉ ભરૂચ અને નવસારી વિસ્તારમાંથી પૈસા ખર્ચીને કન્યાઓ લાવવામાં આવતી હતી પરંતુ કેટલાક કિસ્સાઓમાં પૈસા ખર્ચીને લાવેલી પત્નિઓ દરદાગીના લઈને ફરાર થઈ જતાં આવા યુવાનો પરણ્યા પછી પણ વાંઢા ફરી રહ્યા છે. જો કે હવે જિલ્લાના આદિવાસી વસ્તી ધરાવતા ખેડબ્રહ્મા તાલુકામાં કન્યા વિક્રયના દલાલો ફરીથી સક્રિય થતાં કેટલીક કન્યાઓને પૈસા લઈને જિલ્લામાં જ પરણાવી દેવામાં આવ્યાની વિગતો પ્રકાશમાં આવી છે જ્યારે અન્ય જ્ઞાતિઓના યુવાનો સાથે ગરીબ પરિવારની આદિવાસી કન્યાઓને પરણાવી દેવામાં દલાલોની મોટી ભૂમિકા રહેતી હોય છે અને આ દલાલો યુવતીના માવતર કરતાંય મોટી રકમ પોતે જ હજમ કરી જતા હોવાનું ચર્ચાઈ રહ્યું છે ત્યારે જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ખેડબ્રહ્મા તાલુકામાં કન્યા વિક્રયનો ધંધો ફરીથી ધમધમતો થયો છે ત્યારે કહેવાતા દલાલોની ભૂમિકા તપાસવા માટે તપાસ હાથ ધરાય તે જરૂરી બન્યું છે.

### રીક્ષા સ્ટેન્ડ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થયેલા હોય છે જેના લીધે સેકટરમાં પ્રવેશવાનો માર્ગ વધુ સાંકડો થઈ ગયો છે. જયારે રીક્ષા સ્ટેન્ડ માટે પણ જગ્યા નિયત કરાઈ નથી ત્યારે સેકટરોના એપ્રોચ માર્ગના કોર્નર પર રીક્ષાઓ પણ ઉભી રહે છે. આ સ્થિતિ વચ્ચે ટ્રાફિકની અવરજવર વધુ જટીલ બને છે. સેકટરોના એપ્રોચને ફોરટ્રેક બનાવાની સાથે રીક્ષા સ્ટેન્ડ માટે પણ યોગ્ય આયોજન થાય તે અનિવાર્ય છે. સે-૧૩ માં હાલ એપ્રોચ માર્ગનુ કામ હાથ ધરાયુ છે. લાંબા સમયથી સેકટરમાંથી ગ માર્ગ તરફ જવાના રસ્તા પર ટ્રાફિકની અવરજવર કરવાનુ જોખમી બન્યુ હતુ. માર્ગ સુધારણાના અંતે હવે સેકટરમાં પ્રવેશવાનુ પણ વાહનચાલકો માટે વધુ સરળ બનશે.

### રાઉન્ડ લીધો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફટપાથના રિપેરીંગ કામ ઝડપથી આટોપવા જણાવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે રાજ્યના મુખ્ય સચિવશ્રી હજુ એક વખત શહેરનો રાઉન્ડ લેશે. વાયબ્રન્ટની તૈયારીઓ હાલ અંતિમ તબક્કામાં પ્રવેશી ચૂકી છે હવે શણગારવા માટે તેમજ અન્ય કામગીરી હાથ ધરવામાં આવી છે. મુખ્ય સચિવશ્રીએ વાયબ્રન્ટ પહેલાં તૈયારીઓની સમીક્ષા માટે ગાંધીનગરનો રાઉન્ડ લીધો હોય તેવી પ્રથમ ઘટના છે. તેમણે તંત્રને આજે તેમના વીજળીક ઝડપના રાઉન્ડ દરમિયાન પણ મહત્ત્વના સૂચનો કર્યા હતા તેથી તંત્રએ તેની કામગીરીને વધુ વેગીલી બનાવી છે.

### વૃક્ષો દૂર કરી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સફાઈ કામગીરી ચાલી રહી છે. જાડી ઝાંખરા દુર કરી કચરો ઉલેચવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત મુખ્યમાર્ગો પર તુટેલી ફેન્સીંગને પણ યોગ્ય કરવામાં આવી રહી છે. વન આરક્ષિત વિસ્તારમાં નીલગાયનો પણ અડ્ડો છે. જેના લીધે નગરના મુખ્યમાર્ગો પર નીલગાય ગમે ત્યારે દોડી આવે છે. આ સ્થિતિ વચ્ચે ગમે ત્યારે અકસ્માત સર્જાય તેવી દહેશત છે. વન તંત્ર દ્વારા અગાઉ નીલગાયને પકડવા માટે હાથ ધરાયેલી ઝુંબેશ પણ અધુરુ છોડી દેવામાં આવી છે. જયારે હાલ વન આરક્ષિત વિસ્તારની સફાઈ અને સુશોભનની સાથે રખડતા ઢોર પણ વાઈબ્રન્ટ દરમિયાન વી આઈ પી ઓના કાફલા માટે અડચણરૂપ ન બને તે પણ તંત્ર માટે મુંઝવણનો વિષય છે. હાલ વન વિભાગની જગ્યામાં યુધ્ધના ધોરણે સફાઈનુ કામ ચાલી રહ્યુ છે.

### ૧૪ નવા કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતો નથી પરંતુ ૪૫ વર્ષીય પુરુષ દિલ્હી ગયો હોવાનું જાણવા મળેલ છે. બીજી લહેરમાં સંવેદનશીલ બનેલ કુડાસણમાં કેસો વધી રહ્યા હોવાથી તંત્રએ સર્વેલન્સ સઘન કરવા માટેની સુચનાઓ આપી છે. સુઘડમાં ૩૯ વર્ષીય મહિલા અને ૮ વર્ષીય દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૩૯ વર્ષીય મહિલા કોવીડ પોઝીટીવના સંપર્કમાં આવી હોવાનું જાણવા મળેલ છે. ૮ વર્ષની નાની બાળા સંક્રમિત થવાનું ચોક્કસ કારણ જાણવા મળેલ નથી.

સે.૭માંથી ૪૯ વર્ષીય પુરુષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દી પણ દિલ્હી જઈ પરત આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

સરગાસણમાંથી આજે બે મહિલાના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. ૩૦ વર્ષીય મહિલા અને ૬૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બંને મહિલાઓ કેવી રીતે સંક્રમિત થઈ તેની ચોક્કસ વિગતો જાણવા મળી શકી નથી. આ બંને મહિલા દર્દી કોઈપણ પ્રકારની ટ્રાવેલ હિસ્ટ્રી નહિ ધરાવતા હોવાનું જાણવા મળેલ છે.

પેથાપુરમાંથી એક ૪૯ વર્ષીય પુરુષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દી અમદાવાદ ગયો હોવાનું જાણવા મળેલ છે. તેણે વેક્સિનના બંને ડોઝ લીધા હોવાનું પણ જાણવા મળેલ છે.

રાયસણ ગામમાંથી આજે ૪ કેસ કોરોનાના નોંધાયા છે. જેને લઈ તંત્રની ચિંતા વધી જવા પામી છે. રાસયણમાંથી ૩૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સંક્રમિત થવાનું કોઈ ચોક્કસ કારણ જાણવા મળી શક્યું નથી. આ મહિલા દર્દીએ વેક્સિનના બંને ડોઝ લઈ દીધા છે.

આ ઉપરાંત ૮ વર્ષનું એક અન્ય બાળકો પણ કોરોનાથી સંક્રમિત થયું છે અને તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જોકે કેવી રીતે સંક્રમિત થયું તે જાણી શકાયું નથી.

ગાંધીનગર શહેરમાં જે રીતે કોરોનાના કેસોની ગતી વધી છે તે જોતાં કોરોનાની ત્રીજી લહેર આવી પહોંચી હોવાનું તબીબી આલમમાં ચર્ચાઈ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે તંત્રએ દર્દીઓના સંપર્કમાં આવેલ લોકોની યાદી તૈયાર કરી લીધી છે. માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન પણ જાહેર કર્યા છે. તંત્રએ કન્ટેનમેન્ટ ઝોન અને હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકિદ કરી છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. શહેરમાં હાલ ૪૬ દર્દીઓ એક્સીટ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં ૩૦થી વધુ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન બનાવવામાં આવ્યા છે.

શહેરમાં મોટાભાગના દર્દીઓ ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા નોંધાયા છે.મહિલા દર્દીઓની સાથે સાથે હવે બાળકો પણ સંક્રમિત થઈ રહ્યાની વાતને લઈ તંત્રની ચિંતા વધી છે. શહેરમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ તેમજ ફરજીયાત માસ્કના નિયમની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તંત્રને જણાવવામાં આવ્યું છે.

### નવ કેસ નોંધાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. જેમાં એક પરિવારના ત્રણ સભ્યોનો સમાવેશ થાય છે. આ પરિવારના સભ્યો રાજકોટથી આવ્યાનું જાણવા મળેલ છે. જ્યારે અન્ય ત્રણ દર્દીઓ કોરોના પોઝીટીવ દર્દીના સંપર્કમાં આવતાં તંત્ર દ્વારા તેનો રિપોર્ટ કઢાવવામાં આવતાં તેઓ પોઝીટીવ આવ્યા હતા.

બીજી લહેર વખતે પણ અડાલજ સંવેદનશીલ બન્યું હતું. આ વખતે પણ અડાલજમાં કેસોની સંખ્યા ડબલ ડીઝીટમાં પહોંચી ગઈ છે.

કલોલ તાલુકામાં આજે વધુ ૨ કેસ નોંધાયા છે. કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તાર પાનસરમાં એક ૨૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા અમદાવાદ ગઈ હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળેલ છે.

કલોલ શહેરમાં અર્બન-૧ વિસ્તારમાંથી એક યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.આ યુવાન ગોવા ફરવા માટે ગયો હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા તમામ દર્દીએ વેક્સિનના બંને ડોઝ લીધા હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોને પગલે તંત્રએ હવે ઉભી થયેલી પરિસ્થિતિને પહોંચી વળવા આક્રમક રણનીતિ તૈયાર કરવા માટે મન બનાવી લીધું છે.

તંત્રએ સઘન સર્વેલન્સ તેમજ દર્દીઓના સંપર્કમાં રહેલ લોકોનું ટ્રેસીંગ કરવાની કામગીરી પણ સઘન બનાવી છે.

જિલ્લામાં ફરજીયાત માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સીંગની અમલવારી સાથે સાથે હોમ આઈસોલેશનના તેમજ ક્વૉરોન્ટાઈનના નિયમોની અમલવારી પણ કડક રીતે થાય તે માટેની સૂચનાઓ આપી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૧ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૬૦૦થી વધુ લોકોને ક્વૉરન્ટાઈન કર્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનની પ્રથાનો અમલ શરૂ કરી દેવાયો છે અને ૧૫ આવા માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરાયાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

### નાસભાગમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

થાય. જમ્મુ અને કાશ્મીરના એલજી મનોજ સિન્હા, મંત્રી જિતેન્દ્ર સિંહ અને નિત્યાનંદર રાય સાથે વાત કરી અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. રાહુલ ગાંધીએ પણ માતા વૈષ્ણો દેવી ભવનમાં થયેલી નાસભાગ અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું. તેણે ટ્વીટ કર્યું, 'માતા વૈષ્ણોદેવી મંદિરમાં નાસભાગની દુર્ઘટના દુઃખદ છે. મૃતકોના પરિવારજનો પ્રત્યે મારી સંવેદના. ઘાયલોને જલ્દી સ્વસ્થ થવાની કામના. જમ્મુ-કાશ્મીરના એલજી મનોજ સિન્હાએ પણ માતા વૈષ્ણો દેવી ભવનમાં થયેલા અકસ્માત પર શોક વ્યક્ત કર્યો છે. જમ્મૂ-કાશ્મીર એલજી ઓફિસના સત્તાવાર હેન્ડલ પરથી ટ્વીટ કરવામાં આવ્યું કે, "નાસભાગમાં જીવ ગુમાવનારાઓના પરિવારજનોને ૧૦-૧૦ લાખ રૂપિયા અને ઘાયલોને ૨ લાખ રૂપિયા વળતર આપવામાં આવશે. ઈજાગ્રસ્તોની સારવારનો ખર્ચ શ્રાઈન બોર્ડ ઉઠાવશે. માતા વૈષ્ણો દેવી ભવનમાં થયેલી ભાગદોડમાં જીવ ગુમાવનારા લોકોના પરિવારો માટે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત નિધિ દ્વારા વળતરની જાહેરાત કરવામાં આવી છે. વડા પ્રધાન કાર્યાલયના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પરથી ટ્વિટ કરવામાં આવ્યું હતું કે માતા વૈષ્ણો દેવી ભવનમાં થયેલી ભાગદોડમાં જીવ ગુમાવનારા લોકોના પરિવારોને સ્હ્રઈહ્ર દ્વારા બે-બે લાખ રૂપિયા આપવામાં આવશે. ઘાયલોને વળતર તરીકે ૫૦,૦૦૦ રૂપિયા આપવામાં આવશે.